**બોટાદના મહે.ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મુ. બોટાદ**

'**ફોજદારી કેસ નંબર :–681/2024**

## :: પ્લી તળે હુકમ ::

આરોપીઓની આંક–૪ વાળી ગુન્હા કબુલાત પુરસીસ થી ગુના કબુલાતની પ્લી(આંક–૬ ) અને કેસની હકીકત વંચાણે લેતાં આરોપીઓ સામેના જુગારધારા એકટની કલમ–૧૨ (એ) મુજબનો ગુનો હું સાબીત થયેલો ગણું છું. આરોપીઓ સામેનો  ગુનો અને કુટુંબનો એકમાત્ર કમાનાર વ્યકીત છે તે હકિકત મ)ન્ય રાખી તેમજ આરોપી દવારા અદાલત સમક્ષ કબુલાત ઘ્યાને લેતાં નામદા રગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯, નટરવચંદ્ર હીરાચંદ્ર ઠાકોર વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં કેસમાં પ્રસ્થાપિત થયેલ સિઘ્ધાંતો ઘ્યાને લેતાં તેમજ આજરોજ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ,બોટાદ દવારા નેશનલ લોક અદાલતનું આયોજનનાં ભાગ રૂપે મેજીસ્ટ્રેટીયલ કોર્ટમાં કબુલાત પાત્ર થાય તેવા કેસોના નિકાલ માટે સ્પેશીયલ સીટીગનું આયોજન કરેલ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

### ** અંતિમ હુકમ **

** ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૫૨ અનવ્યે આ કામના તમા આરોપીઓને જુગારધારા એકટની કલમ–૧૨ (એ) મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને જુગારધારા એકટની કલમ–૧૨ (એ) ના શિક્ષાપાત્ર ગુન્હાના ભંગ બદલ દરેક આરોપીને રૂ.૩૦૦/– લેખે કુલ  રૂપિયા ૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.જો આરોપી દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો આરોપીને દીવસ ૫ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

** આ કામમાં રજુ થયેલ મુદામાલ રોકડ રકમ આરોપીની માલીકીની ન હોય તેમજ રોકડ રકમ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ ન હોય જે રોકમ રકમ અંગે આરોપીઓએ કોઈ કલેઈમ કરેલ ન હોય કે ભવિષ્યમાં કોઈ કલેઈમ કરવા માંગતા ન હોય જેથી હાલના  કામે રજુ થયેલ રોકડ રકમ શ્રી સરકાર માં જમા કરાવવી.

** આ કામમાં રજુ થયેલ ગંજીપાના તથા અન્ય મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજરોજ બોટાદ મુકામે તારીખ ૦૯ માહે માર્ચ અને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૩/૨૦૨૪

બોટાદ

(આઈ.કે.જાંગડ)
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
બોટાદ
કોડ નં જી જે ૦૦૮૬૭

પાવતી નંબર–....... થી .......... દંડની રકમ
રૂ.૩૦૦ X ૧ (આરોપી)= ૩૦૦/–(અંકે રૂપિયા ત્રણસો પુરા) વસુલ લીધા.
તા.૦૯/૦૩/૨૪

નાઝર
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ બોટાદ